# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૧ / ૭૭૨ તારીખ: 06 JAN 2022

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,

કીર્તિકુમાર લીલાધર ઠક્કર,

રહે. પ્લોટ નં.૩૬૪, DTMCT, વોર્ડ નં.૬/બી,

આદિપુર-કચ્છ,

મોબાઇલ નંબર:- ૯૩૭૫૩ ૨૪૯૪૪

06 JAN 2022

વિષય :- કેસ નંબર પીજી ૦૩/૦૦૧/૨૦૨૧-૨૨

સંદર્ભ :- આપની અરજી નોંધણી નં. પીજી ૦૩/૦૦૧/૨૦૨૧-૨૨

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર

(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ

(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, રામબાગ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ—કચ્છ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ,જી.કે.જનરલ હોસ્પીટલ સામે, ભુજ – કચ્છ.

ફોન નં.(૦૨૮૩૨) ૨૫૩૫૫૦ ફેકસ નં.(૦૨૮૩૨) ૨૫૦૦૪૮

ઈમેલ : forumbhuj.pgvcl@gebmail.com


---

નં.કેસી/સીજીઆરએફ/૨૦૨૧ તા. / /૨૦૨

૨૦૦૩ ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિમયો ૨૦૧૧ જાહેરનામાં નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-03-001-2021-22

કિર્તીકુમાર લીલાધર ઠકકર
રહે.પ્લોટ નં.૩૬૪,DTMCT. વોર્ડ નં. ૬/બી,
આદિપુર – કચ્છ. .............અરજદાર.

વિરુધ્ધ.

નાયબ ઈજનેરશ્રી
પીજીવીસીએલ, આદિપુર સબ ડીવીજન,
આદિપુર – કચ્છ.૩૭૦૨૦૫ ...........સામાવાળા.

બાબતઃ– સેવામાં ખામી અંગે....

અરજદાર તરફે :– જાતે

સામાવાળાના તરફે :– શ્રી એચ.આર.ખાડોદરા
કાર્યપાલક ઈજનેરશ્રી, ગાંધીધામ

કોરમ : (૧) શ્રી સી.વી.ઠાકર – ચેરપર્સન
(૨) શ્રી આર.જી.કુંપાવત – સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળઃ કોન્ફરન્સ હોલ,પીવીસીએલ, વતૃળ કચેરી,ભુજ
તા:૨૯/૧૧/૨૦૨૧

# ઠરાવ

૧. આ કામના અરજદારની અરજીની હકીકત એવી છે કે, અરજદાર સીનીયર સીટીઝન છે અને આદિપુર મધ્યે રહે છે અને તેમના પરિવારમાં પત્ની એન બે પુત્ર છે જે અરજદાર સાથે હાલે રહેતા નથી અરજદારના પત્નીને હાલે કેન્સર હોઈ ઓપરેશન કરાવેલ જે અંગેની સારવાર ગાંધીધામ મધ્યે સ્ટરલીંગ હોસ્પીટલમાં ચાલુ હોઈ અરજદારના પત્ની હાલે અરજદાર સાથે ઉપરોક્ત સરનામે રહે છે. અરજદાર સામાવાળા પીજીવીસીએલ.કચેરીનું વીજ જોડાણ ગ્રાહક નં. ૬૧૮૦૧/૦૯૭૦૯/૭ નું ઉપરોક્ત સરનામે ધરાવે છે અને સદર વિજ કનેકશન અન્વયે લગાડવામાં આવેલ મિટર ફોલ્ટી હોઈ બે વખત આ બાબતે સામાવાળાને અરજી કરેલ જે અંગે કોઈ કાર્યવાહી થયેલ નથી અને હાલે અરજદારના ઘરે રૂા ૮૬,૦૦૦/– નું બિલ આપવામાં આવેલ ત્યારબાદ અરજાદરનું મીટર નીકાળી લીધેલ હોઈ આર.ટી.આઈ. તળે અરજી કરતા તા.૭–૮–૨૦૨૧ વાળો જવાબ આપેલ પરંતુ અરજદારના ઘરે મીટર લાગડી વિજ કનેકશન ચાલું નહી કરી આપી તેમજ મોકલાવેલ બીલ માફ નહીં કરી સેવામાં ખામી બતાવેલ હોઈ ગ્રાહક નં. ૬૧૮૦૧/૦૯૭૦૯/૭ રહે. પ્લોટ નં. ૩૬૪, વોર્ડ નં.૬/બી, આદિપુર નું બીલ રૂા ૮૬,૦૦૦/– માફ કરી ફરી મીટર લગાડી આપવા તેમજ સામાવાળાએ ખોટી રીતે હેરાન પરેશાન કરેલ હોઈ સામાવાળા વિરુધ્ધ કાનુની કાર્યવાહી કરવા માંગણી કરેલ છે અને સાથે જરૂરી દસ્તાવેજો રજુ કરેલ છે

૨. આ કામના સામાવાળા પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. કચેરી તરફેની રજુઆત એવી છે કે આ કામના અરજદાર કિર્તીકુમાર લીલાધર ઠકકર સામાવાળા પીજીવીસીએલ.કચેરીનું વીજ જોડાણ ગ્રાહક નં. ૬૧૮૦૧/૦૯૭૦૯/૭ વાળું તા.૧૦–૯–૨૦૦૨ થી ધરાવે છે અને સદર વિજ કનેકશનના તા.૧–૧–૨૦૨૧ ના રોજ વર્ષ ૨૦૧૫ થી ડીસેમ્બર ૨૦૨૦ સુધી વિજ બીલ પેટે કુલ્લ રૂા ૮૬,૭૩૨.૦૬ બાકી હોતા તેમનું વિજ મીટર ઉતારી કાયમી ધોરણે બંધ કરવામાં આવેલ અને અરજદારે સમયસર વિજ બીલ ભરપાઈ કરેલ નહીં જે અંગેના વિજ વપરાશના સ્ટેટમેન્ટની નકલ રજુ રાખેલ છે તેમજ અરજદારે આપેલ ચેકો પણ રીર્ટન થયેલ તેમજ અરજદારે સદર વિજ કનેકશન અન્વયે લગાડવામાં આવેલ મીટર ફાસ્ટ ફરતું હોવાની રજુઆત કરતાં બે વાર મીટર બદલાવવામાં આવેલ પ્રથમ તા.૧૮–૧૧–૨૦૧૭ ના તેમજ બીજી વખત ૨૨–૬–૨૦૧૯ ના રોજ બદલાવેલ અને બન્ને મીટર લેબમાં ચેક કરતા ઓકે આવેલ તેમાં કોઈપણ પ્રકારની ખામી હતી નહી જે રીપોર્ટ જવાબ સાથે રજુ રાખેલ છે અને તે રીતે અરજદારનું મીટર ફોલ્ટી હતું નહીં કે ફાસ્ટ ફરતું હતું નહી અને તે રીતે સદર ગ્રાહકે ૨૦૧૫ થી રકમ ચુકવણું ન કરતા રૂા ૮૬,૦૦૦/– નું બીલ આપવામાં આવેલ અને તે રીતે વ્યાજ સાથે કુલ્લ અરજદાર પાસેથી રૂા ૧,૦૬,૦૨૩.૦૬ પૈસા બાકી નીકળતા હોવા છતાં અરજદારે કોઈ રકમ ભરપાઈ કરેલ ન હોઈ અરજદારની કસુરના કારણે વિજ કનેકશન રદ કરવામાં આવેલ હોઈ સામાવાળાની સેવામાં કોઈ ખામી ન હોઈ અરજદારની અરજી રદ કરવા

રજુઆત કરેલ છે. તેમજ સામાવાળા તરફે એવી પણ રજુઆત કરવામાં આવેલ છે કે અરજદારનું વિજ જોડાણ રદ કરવા તા.૧૯–૧૨–૨૦૨૦ ના રોજ નોટીસ આપેલ તેમ છતાં કોઈ રકમ ભરપાઈ કરવામાં આવેલ નહીં અને સામાવાળાની રામબાગ કચેરીમાં અરજદારે અસભ્ય વર્તન તેમજ ઉગ્ર બોલાચાલી કરેલ તેમજ મહીલા કર્મચારીઓની સાથે અસભ્ય વર્તન કરી કોઈપણ પ્રકારની મંજુરી વગર વિડીઓ ઉતારતા તે અંગે પોલીસ ફરીયાદ પણ કરવામાં આવેલ છે અને સામાવાળા કંપનીની છાપ ખરાબ કરવા અરજદારે પ્રયત્ન કરેલ હોઈ અરજદારની અરજી ટકવાપાત્ર ન હોવાની વિગતવાર રજુઆત સામાવાળા તરફે કરવામાં આવેલ છે.

૩. બન્ને પક્ષકારોની રજુઆત જોતા તેમજ અરજદાર તરફે જે રજુઆતો કરવામાં આવેલ તે સાંભળેલ તેમજ સામાવાળાના અધિકારીને સાંભળેલ. અરજદાર તરફે તા.૨૯–૧૧–૨૦૨૧ ના રોજ સદર ફરીયાદ પરત લેવા બાબતે લેખીતમાં રજુઆત કરેલ જે મુજબ સદર વિજ કનેકશન બાબતે પેટા વિભાગીય કચેરી રામબાગ સાથે ઉદભવેલ તકરારનું સુખદ સમાધાન થઈ ગયેલ છે નવુ વિજ મીટર લગાડી આપવામાં આવેલ છે અને વિજ પુરવઠો ચાલુ કરવામાં આવેલ છે અને તેથી સદર કેસ બાબતે કોઈ વાંધો તકરાર ન હોઈ સદર કેસ બંધ કરવા જણાવેલ હોઈ સદર ફરીયાદ અરજી બાબતે અરજદારને હવે કોઈ વાંધો કે તકરાર નથી તે મુજબ પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોવાની હકીકત જાહેર કરતા આથી આ કામે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## –: હુકમ :–

આથી આ કામે એવો હુકમ કરવામાં આવે છે કે, અરજદારને હવે સદર વિજ કનેકશન બાબતે સામાવાળા વિરુધ્ધ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ સદર અરજી તેઓ પરત ખેંચવા માંગતા હોવાનું જાહેર કરેલ હોઈ અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.   /   /૨૦૨૧ ના રોજ જાહેર કર્યો

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર મેમ્બર

(સી.વી.ઠાકર)
ચેરપર્સન

*ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ–કચ્છ.*